


## વાત-વાતમાંથી

- પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાને દહેગામ બેઠક પરથી ચૂંટણી લડવા સમર્થકો દબાણ કરી રહ્યા છે.
- ગાંધીનગર (દક્ષીણ) પર ગાંધીનગરના વર્તમાન મેયર મહેન્દ્રસિંહ રાણા અને અમદાવાદના પૂર્વ મેયર કાનાજી ઠાકોરના નામ ચર્ચામાં છે.
- સેક્ટર-૭(એ)ના ત્રણ વસાહતીઓ ભાજપમાં ટીકીટના દાવેદારો છે. અશોક વકીલ, અશોક પટેલ (કોલવડા) અને કલ્યાણસિંહ ચંપાવત...
- શહેરી વિકાસમંત્રી નીતિનભાઈ પટેલે ગાંધીનગર (ઉત્તર) પર ચૂંટણી લડવા અનિચ્છા દર્શાવી છે.
- માણસા વિસ્તારના કોંગ્રેસના પ્રદેશ અગ્રણી ભાજપમાં જોડાઈ રહ્યાની અફવા જોર-શોરથી ચાલે છે.
- કલોલના કોંગ્રેસી ધારાસભ્ય સુરેશ પટેલે માણસા પરથી લડવાની ઈચ્છા દર્શાવી છે.
- ગાંધીનગર નાગરિક બેંકના ચાર ડીરેક્ટરોએ ભાજપમાં અને બે ડીરેક્ટરોએ કોંગ્રેસમાં ટીકીટ માટે દાવો નોંધાવ્યો છે.
- ગાંધીનગરના જ્યોતિષીઓને ત્યાં રાજકીય ભવિષ્ય જાણવા ભારે ધસારો વર્તાય છે.
- સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી સમયે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલની નજીક જઈ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ધબ્બો મારી પૂછ્યું હતું કે, 'શું પ્રવિણલાલ .....!'

## લોકશાહી રક્ષા મંચ દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

લોકશાહી રક્ષા મંચ દ્વારા મતદારોને જાગૃત કરવા અંગેના અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. સ્વામી જ્ઞાનસાગરજીની પ્રેરણા તથા દીદી અગ્નિશિખાજીની સ્થાપનાથી લોકશાહી રક્ષા મંચને સાકાર રૂપ આપવા અશોકભાઈ જૈન, અશ્વિનભાઈ કાનકડ, યશરાજસિંહ રાઓલ, નરેશભાઈ કૌશિક, રાજેશભાઈ બાગડી, જ્ઞાનેન્દ્ર વિશ્વકર્મા તથા અનેક ગણમાન્ય બુદ્ધિજીવીઓ અને અન્ય સ્વયંસેવી સંસ્થાઓએ મતદારોને જાગ્રત કરવા માટેનું આ અભિયાન આરંભ્યું છે.

ઉમેદવારોના મૌખિક વાયદાઓ ઉપર મતદારોને વિશ્વાસ નથી, તેથી લેખિતમાં વાયદાઓ-શપથપત્ર પર સહી કરાવીને ઉમેદવારોની ઈમાનદારીની ખાતરી કરવાની સલાહ મતદારોને આપવામાં આવી હતી.

આ પ્રક્રિયાથી પ્રજા અને સરકારમાં પરસ્પર સ્નેહનું સામંજસ્ય સ્થપાશે, જેના પરિણામરૂપ પ્રજાનું કાર્ય ઝડપી અને સચોટ થશે તથા સરકારની પદ્ધતિઓમાં રહેલી ત્રુટિ અને અનીતિ આપોઆપ દૂર થઈ જશે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. સાથોસાથ પ્રતિનિધિઓને લાંચ લીધા વિના પ્રજાનું કાર્ય કરવાની અને પ્રજાને તેના બદલામાં પ્રતિનિધિઓને ઈનામ આપવાની સલાહ પણ મંચ દ્વારા આપવામાં આવી હતી.

# આગામી ચૂંટણીમાં કોંગ્રેસ માટે ધનનું માધ્યમ રહેશે જ્યારે ભાજપ માટે જનનું માધ્યમ રહેશે : મોદી

ભારતીય જનતા યુવા મોરટા દ્વારા આજે 'વિજય પ્રયાણ વિસ્તારક યોજના-૨૦૧૨' અંતર્ગત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી વી. સતિષજી, મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી, પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી, યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા યુવા મોરચાના પ્રભારી નિરજ જૈન, યુવા મોરચાના રાષ્ટ્રીય મંત્રી ધ્વનિ શર્મા, કોષાધ્યક્ષ સુરેશ વઘાસીયા, પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ મંત્રી ભરતભાઈ પંડ્યા, લુધિયાણાના પૂર્વ મેયરિ પ્રવિણ બંસલ, યુવા મોરચાના હોદેદારો તથા સમગ્ર ગુજરાતમાંથી આવેલા તેમજ વિસ્તારક તરીકે પ્રવાસ કરનારા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાએ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરીને જણાવ્યું હતું કે સરદાર સાહેબે રજવાડાઓનું એકત્રીકરણ સફળતાપૂર્વક પાર પાડીને ભવ્ય ભારતના નિર્માણનો પાયો નાખી સમગ્ર રાષ્ટ્રને ગુજરાતની તાકાતનો પરિચય આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે દેશની આઝાદીની લડતમાં પણ ભગતસિંહ, સુખદેવ તેમજ રાજગુરુ જેવા યુવાનોએ નેતૃત્વ લીધું હતું. તે જ પ્રમાણે વિસ્તારક તરીકે કામ કરનાર યુવા મોરચાના કાર્યકર્તાઓએ પણ લોકોનાં હૃદય સુધી પહોંચવાનું છે. આજના સમયમાં પાંચ દિવસ વિસ્તારક યોજનામાં ફાળવવા બદલ તેમણે યુવા મોરચાના કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા.

રાષ્ટ્રીય મહામંત્રી વી. સતિષજીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ભારતીય જનતા યુવા મોરચા, ગુજરાત પ્રદેશને તેની સક્રિયતા માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે યુવા મોરચાની સક્રિયતા પાર્ટીના સંગઠનને મજબૂત કરવામાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે હાલમાં હિન્દુસ્તાનનો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે ત્યારે આપની આ વિસ્તારક યોજનાની નોંધ ઈતિહાસમાં લેવાશે. તેમણે જણાવ્યું હતું કે આઝાદી મળી ત્યારથી દેશની જનતાએ જે સ્વપ્નો જોયાં હતાં તેને મૂર્તિમંત સ્વરૂપ કોણ આપશે તે પ્રશ્ન સમગ્ર રાષ્ટ્રને સતાવતો હતો પરંતુ પાછલાં વર્ષોમાં મુખ્યમંત્રીએ



ગુજરાતના વિકાસ દ્વારા રાષ્ટ્રની જનતા માટે એક વિકલ્પ રજૂ કર્યો છે.

ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે આજે સમગ્ર વિશ્વના દેશો ભારતમાં મૂડીરોકાણ કરવા તૈયાર છે ત્યારે ગુજરાતની વિકાસની રાજનીતિને સમર્થન આપવાને પદલે કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર સતત રાજ્ય સરકારને અન્યાય કરતી આવી છે, ત્યારે વિસ્તારકોને મારી વિનંતી છે કે જન જન સુધી કેન્દ્ર દ્વારા ગુજરાતને થતા અન્યાયની વાત પહોંચાડવી. તેમણે જણાવ્યું હતું કે હાલના સમયમાં રાષ્ટ્ર માટે બલિદાન આપવાની નહીં પણ રાષ્ટ્ર માટે જીવવાની જરૂર છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે યુવા મોરચાની વેબસાઈટનું લોન્ચીંગ કર્યું હતું તથા વિસ્તારક યોજનામાં ભાગ લઈ વિકાસની યાત્રાને વેગ આપવામાં જોડાનાર તમામ કાર્યકર્તાઓને હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણ જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં બે પરંપરા જોવા મળનાર છે જેમાં એક કોંગ્રેસની તથા બીજી ભાજપની રહેશે. કોંગ્રેસમાં લોકોને ભ્રમિત કરવાની નીતિ તો ભાજપમાં લોકોને નક્કર સચ્ચાઈનું દર્શન કરાવવાનો પ્રયાસ રહેશે. કોંગ્રેસ માટે આગામી ચૂંટણીમાં ધનનું માધ્યમ રહેશે જ્યારે ભાજપ માટે જનનું માધ્યમ રહેશે. તેમણે જણાવ્યું હતું કે વિસ્તારકોએ પ્રજા સુધી ભારતીય જનતા પાર્ટીનું ચરિત્ર દર્શન લઈને જવાનું છે. જે વિસ્તારમાં તમે જાવ ત્યાંની જનતાને કહેજો કે આ વખતે ગુજરાતને બે દિવાળી ઉજવવાનું સદ્ભાગ્ય સાંપડવાનું છે. લોકશાહી પર્વની બીજી દિવાળી આપણે સૌ સાથે મળીને ઉજવીશું, એમ તેમણે જણાવ્યું હતું.

## ગુજરાત વિધાનસભા સત્રમાં બેઠકોની સંખ્યા સતત ઘટી છે

અમદાવાદ, તા.૩૧

ગુજરાત વિધાનસભામાં સત્રની વાત કરવામાં આવે તો દર વર્ષે શરૂઆતના વર્ષોમાં ગુજરાતમાં આશરે ૬૦ સિટીંગની સંખ્યા રહી હતી પરંતુ ૧૯૯૦ બાદ આ સંખ્યા ઘટીને ૪૦ થઈ ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ એક વર્ષમાં ૩૦ની આસપાસ થઈ ગઈ છે. આ અંગે રાજકીય પક્ષો પણ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપે છે. ગુજરાતની રચના કરવામાં આવ્યા બાદ વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૮મી ઓગસ્ટ ૧૯૬૦થી ૨૩મી ડિસેમ્બર ૧૯૬૧ સુધી યોજાયું હતું. આ ગાળા દરમિયાન ૮૪ બેઠકો યોજાઈ હતી. હવે સ્થિતિ બદલાઈ ગઈ છે. વિધાનસભામાં અધિકારીઓનું કહેવું છે કે ૧૯૯૦ બાદથી બેઠકોની સંખ્યા ૪૦ થઈ ગઈ છે. આના માટે કેટલાક કારણો જવાબદાર છે. રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલનું કહેવું છે કે ભાજપ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી લોકશાહીના હિતોની વિરુદ્ધમાં કામ કરી રહ્યા છે. ગુજરાત સર્વશ્રેષ્ઠ સંસદીય પ્રક્રિયા માટે જાણીતું રહ્યું છે પરંતુ ભાજપના શાસનમાં આ પ્રક્રિયા યોગ્ય રીતે પાળવામાં આવી નથી. ૨૦૦૭ બાદથી પાંચ વર્ષના ગાળામાં માત્ર ૧૫૦ બેઠકો યોજાઈ છે. તાજેતરમાં જ શક્તિસિંહ ગોહિલને ૨૦૧૨-૧૩ દરમિયાન સમગ્ર બજેટ સત્રમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. ધારાસભ્યો વિધાનસભામાં ખૂબ ઓછો સમય ગાળી રહ્યા છે. સરેરાશ બેઠકોનો દોર ઘટીને ૩૦ની આસપાસ થઈ જતાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે.

## વિધાનસભા સત્રનું ચિત્ર

| વિધાનસભા | સત્ર | બેઠક |
|---|---|---|
| ૧ | ૧૮ ઓગસ્ટ ૧૯૬૦થી ૨૩ ડિસેમ્બર ૧૯૬૧ | ૮૪ |
| ૨ | ૧૭ માર્ચ ૧૯૬૨થી ૨૮ સપ્ટેમ્બર ૧૯૬૬ | ૩૧૨ |
| ૩ | ૧૬ માર્ચ ૧૯૬૭થી ૧૭ માર્ચ ૧૯૭૨ | ૨૪૫ |
| ૪ | ૨૦ માર્ચ ૧૯૭૨થી ૧૮ જૂન ૧૯૭૫ | ૧૩૩ |
| ૫ | ૨૮ જૂન ૧૯૭૫થી ૫ જૂન ૧૯૮૦ | ૨૧૫ |
| ૬ | ૨૦ જૂન ૧૯૮૦થી ૨૨ જાન્યુઆરી ૧૯૮૪ | ૨૪૦ |
| ૭ | ૧૮ માર્ચ ૧૯૮૪થી ૨૨ જાન્યુઆરી ૧૯૯૦ | ૨૬૪ |
| ૮ | ૧૬ માર્ચ ૧૯૯૦થી ૨૮ ડિસેમ્બર ૧૯૮૪ | ૨૦૮ |
| ૯ | ૨૧ માર્ચ ૧૯૮૫થી ૧૩ જાન્યુઆરી ૧૯૯૭ | ૧૧૦ |
| ૧૦ | ૧૯ માર્ચ ૧૯૯૮થી ૩ એપ્રિલ ૨૦૦૨ | ૧૬૫ |
| ૧૧ | ૨૭ ડિસેમ્બર ૨૦૦૨થી ૨૦ જુલાઈ ૨૦૦૭ | ૧૫૪ |
| ૧૨ | ૧૮ જાન્યુઆરી ૨૦૦૮થી ૧૯ જુલાઈ ૨૦૧૨ | ૧૫૦ |

## આક્રમક વ્યૂહરચના ઘડવામાં મોદી-અમિત શાહ વ્યસ્ત

અમદાવાદ, તા.૩૧

ગુજરાતના પૂર્વ પ્રધાન અમિત શાહ આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ફરી એકવાર સક્રિય થઈ ગયા છે. ભાજપ માટે આયોજન વ્યૂહરચનાની જવાબદારી પણ સંભાળી ચૂક્યા છે. અમિત શાહ સક્રિય થતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને મોટી રાહત થઈ છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પોતે છેલ્લા ઘણા સમયથી તેમના જમણા હાથ સમાન નજીકના મિત્રને થોડાક સમય સુધી દૂર રાખ્યા બાદ પરેશાન દેખાઈ રહ્યા હતા પરંતુ હવે અમિત શાહ ફરી સક્રિય થઈ ગયા છે. મોદી અને અમિત શાહ ભાજપની બેઠકમાં ઉપસ્થિત રહીને તમામ પાસાંઓ ઉપર ગંભીરતા પૂર્વક વિચારણાઓ પણ કરી હતી. અમિત શાહ ભાજપને શાનદાર જીત અપાવવા તૈયાર થઈ ગયા છે

પરંતુ ભાજપના આંતરિક લોકોમાં એવી દહેશત પણ છે કે અમિત શાહ કેટલા સમય સુધી સ્વતંત્ર રહી શકશે. ગુજરાતમાં ૧૩મી અને ૧૭મી ડિસેમ્બર સુધી બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. અમિત શાહ બુથ મેનેજમેન્ટના મામલામાં ખૂબ જ કુશળતા ધરાવે છે. મોદી પણ તેમને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી ચૂક્યા છે. કોંગ્રેસના શક્તિશાળી નેતાઓને નબળા પાડી દેવા માટેની જવાબદારી પણ શાહે સંભાળી દીધું હોવાનું જાણવા મળ્યું છે.

પરંતુ એક ચિંતાજનક બાબત એ પણ છે કે સીબીઆઈ સનસનાટીપૂર્ણ તુલસી પ્રજાપતિ એન્કાઉન્ટર કેસમાં કાર્યવાહી પર સ્ટેને દૂર કરવાના હેતુસર માગ કરીને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે. શાહના કેસમાં આગામી સુનાવણી સુપ્રીમ કોર્ટમાં ૨૩મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. સીબીઆઈની હિલચાલ આ મામલાને વધુ ઝડપી બનાવી શકે છે.

એવું જાણવા મળ્યું છે કે તુલસીરામની માતા આવી જ અરજીના આધાર ઉપર સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવાના મૂડમાં છે. જો સ્ટેને દૂર કરી દેવામાં આવશે તો ૨૩મી નવેમ્બર પહેલાં અથવા મોડેથી નીચલી અદાલતમાં કાર્યવાહી શરૂ થઈ શકે છે અને સીબીઆઈ અમિત શાહની ફરી ધરપકડ કરી શકે છે. ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા નવેમ્બરના બીજા તબક્કામાં શરૂ થશે અને રાજકારણમાં જોરદાર ગરમી હશે ત્યારે કાયદાકીય પગાં પણ આવી શકે છે.

એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેની માહિતી પ્રકાશિત કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોમાં પણ ભાજપની જીતને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે.

એક બાબત સ્પષ્ટ છે કે ભાજપ ઘાટલોડિયા અથવા નારણપુરામાંથી અમિત શાહને મેદાનમાં ઉતારી શકે છે. તેમની ધરપકડના કેસમાં પણ આ બાબત યથાવત્ રીતે રહેશે.

ભાજપના વરિષ્ઠ નેતાએ આ અંગે માહિતી આપતા કહ્યું છે કે અમિત શાહ ચૂંટણીમાં અમારી સાથે રહે તે ખૂબ જ ફાયદાકારક રહેશે. શાહનું મહત્વ પક્ષની મિટીંગમાં પણ સતત વધી રહ્યું છે. મંગળવારે પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભાજપની નવી તૈયારી

- અમિત શાહે આયોજન વ્યૂહરચનાની જવાબદારી વિધિવત્ રીતે સંભાળી
- ભાજપને વધુને વધુ બેઠકો અપાવવા નવી ગણતરીઓ શરૂ થઈ
- મોદીના રાઈટ હેન્ડ મેન પાછા સક્રિય થતાં મોટી રાહત થઈ
- ભાજપના કેટલાક નેતાઓ અમિત શાહ કેટલા સમય સુધી સીબીઆઈના સંકંજાથી દૂર રહેશે તેને લઈને પણ ચિંતિત દેખાઈ રહ્યા છે
- કોંગ્રેસના નેતાઓને ખુલ્લા પાડવા મુખ્ય જવાબદારી અમિત શાહને સોંપવામાં આવી હોવાની ચર્ચા
- ભાજપ અમિત શાહને ઘાટલોડિયા અથવા નારણપુરા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતારે તેવી શક્યતા
- અમિત શાહને બૂથ મેનેજમેન્ટના મામલામાં ખૂબ જ કુશળ તરીકે ગણવામાં આવે છે

# તેઓ પણ નેતાઓ જ છે, અલબત્ત આપણા નેતાઓની તોલે ન આવી શકે !

### ચૂંટણીને ચોરે

- ડૉ. કેશુભાઈ દેસાઈ

અમેરિકાના સેન્ડી વાવાઝોડાએ દુનિયાની સર્વોચ્ચ મહાસત્તાને કુદરતની નકારાત્મક તાકાતનો પરચો બતાવી દીધો છે. અમેરિકા હજારો માઈલ દૂર ઈરાક, ઈરાન અને અફઘાનિસ્તાન પર એનો દબદબો દાખવી શકે છે; એની ધાક હેઠળ સોવિયેટ રશિયાના ટુકડે ટુકડા થઈ શકે છે ; નવી ઉભરતી ચીન અને ભારત જેવી મહાસત્તાઓ એની આમન્યા જાળવે છે; પણ કુદરત રૂઠે છે ત્યારે એ અમેરિકાના પ્રમુખને પમ લાચાર સ્થિતિમાં મુકી દે છે. હવે ઓસરી રહેલાં 'સેન્ડી' સામે પ્રમુખ બરાક હુસેન ઓબામાને ચૂંટણી પ્રચાર અધવચ્ચે અટકાવી દઈ પ્રજાકીય સલામતીનાં પગલાં લેવાં લડ્યાં. દેશ આખો એકાદ અઠવાડિયા પૂરતો જાણે ત્વરિત બાન પકડાઈ ગયો હોય, એવી સ્થિતિ સરજાઈ ગઈ. કટોકટી જાહેર કરવી પડી અને લાખો લોકોને સલામત જગ્યાએ ખસેડવાં પડ્યાં.

રાક્ષસી તાકાતવાળા સેન્ડીએ એના ચક્રવાતી પંજામાં ચાળીસથી વધારે અમેરિકન નાગરિકોનું બલિદાન લીધું, એંશી લાખ માણસોને અંધારામાં દિવસ પસાર કરવો પડ્યો, બાર રાજ્યોમાં કટોકટી લાદવી પડી, ત્રીસ લાખ મકાનોમાં દરિયાનાં કે વરસાદનાં પાણી ઘૂસી ગયાં, સ્ટૉક એક્સચેન્જ બંધ થઈ ગયાં. પિસ્તાળીસ અબજ ડૉલર જેટલું જંગી નુકશાન કર્યું. અમેરિકા સમુળગું થંભી ગયું : ચૌધ હજાર ફલાઈટો રદ થાય ત્યારે કેવો અવરોધ સમજાય એ તો અમેરિકામાં વસનારા ન સમજી શકે. આવા અવરોધો વચ્ચે એક જ અઠવાડિયાની અંદર રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાન સંપન્ન કરવાનું હોય ત્યારે મતદારો અને ઉમેદવારોની મનઃસ્થિતિનો અંદાજ લગાવવો અઘરો નથી. છેક કિનારે આવીને વહાણ ડૂબે એવી સ્થિતિમાં મુકાઈ ગયેલા પ્રમુખ ઓબામાએ લેશ પણ ધીરજ ગુમાવ્યા વગર એમનું પ્રચારકાર્ય થંભાવી દઈ પ્રજાની સલામતી અને 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ' ને અગ્રતા ક્રમે મૂક્યાં છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લઘુમતી સમુદાયોમાં ઓબામાને વિશેષ સમર્થન મળવાની શકયતા છે, પરંતુ આવી પડેલી આફત ટાણે નાગરિકોના જાનમાલનું રક્ષણ જ વધુ અગત્યની બાબત બની રહે છે. ઓબામાએ તંત્રને સાબદું કરી એમનો રાજધર્મ બજાવ્યો છે. એમણે સવેળા ચેતવણી આપી હતી અને પ્રજાજનોને આ સેન્ડી ચક્રવાતને પૂરી ગંભીરતાથી લેવા અનુરોધ કર્યો હતો. તંત્રની ત્વરીત કાર્યવાહીને કારણે જાનહાનિ ઘણી જ ઓછી થવા પામી છે. નહિંતર વસ્તીથી ઉભરાતાં ન્યૂર્યોક અને ન્યૂજર્સી જેવાં મહાનગરોમાં ચૌદ ફૂટ ઊંચાં રાક્ષસી મોજાં ઊછળે તો કેવો કાળો કેર વરતાવે, તે સમજી શકાય એમ છે. સરકારની સમયસરની ચેતવણીને લીધે ઘણું બધું સચવાઈ શક્યું છે. આપણા ભૂકંપો અને સુનામીની સરખામણીએ તો આ આંકડો સાવ નગણ્ય જ ગણાય. પરંતુ અમેરિકન સરકાર માટે એના એક નાગરિકનું મૃત્યુ પણ ઘણું મહત્વનું બની રહે છે.

એકસો આઠ વર્ષો દરમિયાન આવેલું આ મોટામાં મોટું તોફાન હતું. એણે સત્તર રાજ્યોને ઝપટમાં લીધાં હતાં અને પ્રલયંકારી દશ્યો સજર્યા હતાં. ચોવીસ કરોડ જેટલી મોટી સંખ્યામાં મોટરકારોનો વૈભવ ધરાવતા દેશની સડકો સૂની થઈ જઈ હતી, આકાશમાં વિમાનો અલોપ થઈ ગયાં હતાં અને વીજળી ગૂલ થઈ ગઈ હતી.

પરંતુ આવી કુદરતી પ્રતિકૂળતાની સ્થિતિમાં પ્રમુખપદના દાવેદાર એવા બંને નેતાઓ લોકોને સલામત સ્થળે પહોંચાડવામાં પોતપોતાની રીતે કામે લાગી ગયા હતા. આવી જ સ્થિતિ ચૂંટણીના ગરમાગરમ માહોલ વચ્ચે ભારતમાં સરજાઈ હોય તો શું થાય તે કલ્પવું અઘરું નથી. આપણા નેતાઓ પોતાનો જીવ બચાવીને સૌ પહેલું કામ તો સલામત જગ્યાએ સંતાઈ જવાનું કરે. પ્રજાનું જે થવાનું હોય તે થાય પોતાનો વાળ વાંકો ન થવો જોઈએ! આપણા તંત્રવાહકો પણ આવી વિકટ પરિસ્થિતિનો વધુમાં વધુ ગેરફાયદો જ ઉઠાવવાની કોશિશ કરે. પહેલાં તો આવી રહેલા તોફાનની આગોતરી જાણ કરવાનાં જરૂરી સંયંત્રોનો અભાવ હતો. આજે આપણી પાસે પણ અદ્યતન વૈજ્ઞાનિક સંયંત્રો છે, પરંતુ એકલાં સંયંત્રોથી થોડું જ કામ ચાલી શકે ?

એ સંયંત્રોની સાથે જ જે સંવેદના કે સંવેદનશીલતા જરૂરી છે, તે આપણા નેતાઓ કે નોકરશાહોમાં સોધી જડે કે કેમ તે સવાલ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના નામે કરોડો રૂપિયાની યોજનાઓ થતી રહે છે, એ વિશેના સેમિનારો યોજાય છે, પરંતુ જ્યારે સાચેસાચું ડિઝાસ્ટર આવી પડે ત્યારે એનો સામનો કઈ રીતે કરવો એની નથી આપણા નેતાઓને ખબર પડતી કે નથી બ્યુરોક્રસીએ મુદ્દે ગંભીર હોતી. પ્રજાને પ્રજાના નસીબ પર છોડી દેવાય છે, લાખો રૂપિયા ખવાતા અને ચવાતા રહે છે.

રોમ ભડકે બળતું રહે છે અને નીરો એની વાંસળી વગાડવામાં ગુલતાન રહે છે. કચ્છના ઐતિહાસિક ભૂંકપ વખતે અને ગોધરાકાંડ વખતે સરજાયેલા 'મૅન મેઈડ ડિઝાસ્ટર' વખતે અને આપણી સરકાર કે બ્યુરોક્રસી કેટલી ગંભીર હતી, તે ઈતિહાસમાં રૂડી પેરે નોંધાઈ ચૂક્યું છે. આપણા ભ્રષ્ટ તંત્રવાહકોએ કચ્છના ભૂકંપ વખતે કેટલી કટકી કરી અને શુભ લાગણીથી પ્રેરાઈને કેટલાક દેશોએ મોકલી આપેલા તંબુ અને ધાબળા સુધ્ધાં અધિકારીઓએ કેવી રીતે ઘર ભેગા કરી દીધા, એની તપાસ માંડવાની કોઈને જરૂર જણાઈ નથી. વિદેશથી અસરગ્રસ્તો માટે મોકલાયેલાં સફરજન અમદાવાદ અને ગાંધીનગરની બજારોમાં વેચાતાં હતાં, તે કોણ નથી જાણતું? બલકે આવી ઘટના ચૂંટણી ટાંકણે બની હોય તો આપણા નેતાઓને વળી એક નવો જ મુદ્દો મળી જાયઃ એકમેક પર કાદવ ઉછાળવાનો અને પ્રજામાં પોતાનું વાક્ચાતુર્ય દેખાડવાનો. રાષ્ટ્રપતિપદના રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર મીટ રોમ્નીએ એક અદના અમેરિકન નાગરિકને છાજે એવી વિનમ્રતા અને ગરિમાપૂર્વક આવી પડેલી આફતમાં સ્વયંસેવકની ફરજ અદા કરીને એક ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. એમણે ઓબામા- તંત્રની ટીકા કરવાની કે ઠેકડી ઉડાડવાની હીન ચેષ્ટા નથી કરી. નેતાઓ ત્યાં પણ છે અને અહીં પણ છે. ચૂંટણી ત્યાં પણ ચાલી રહી છે અને આપણે ત્યાં પણ ચાલી રહી છે. જે પરિપક્વતા અને સંવેદનશીલતા કે ગરીમા એમેરિકાન નેતાઓમાં છે તેનો અંશ પણ આપણા નેતાઓમાં દૃષ્ટિગોચર થાય છે ખરો ?



